## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ફરી ગાયભેંસ, ઘેટાંબકરાંનું ચલણ રાખો!*
*ને કોડી, કાંકરા-છીપલાંનું વલણ રાખો!*
*ભેલાણ થયું છે સંપૂર્ણ આપણા અર્થતંત્રનું -*
*કળણમાંથી કાઢો, ને કૂપનનું હલન રાખો!*
*(કેશલેશ વ્યવહારનો આગ્રહ)*

### હાઈકુ

*કાઢો બહાર!*
*'કાળાં' ની કોઠી માંથી -*
*પ્રચાર-માતા...*
*(સાંસદો, પ્રચાર કરો -!!*
*(શ્રી મોદી)*

*લ્યો! એકે નહીં?!*
*લાજ રહી ઝંડાની -*
*'સૈનિક દિન'*
*(આજે કોઈ શહીદ નહીં)*
*૭મી ડિસેંબર)*

### ચિંતન

***યદિ સન્તં સેવતિ યદ્યસન્તં તપસ્વિનં યદિ વા સ્તેનમેવ ।***
***વાસો યથા રંગવશં પ્રયાતિ તથા સ તેષાં વશમભ્યુપૈતિ ॥***

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

સજ્જન (સંત) ની સેવા કરવામાં આવે કે દુર્જન (અસંત)ની, તપસ્વીની સેવા કરાય કે ચોરની, પરંતુ જેની સેવા કરાય તેના વશ મનુષ્ય થઈ જાય છે, જેમ વસ્ત્ર રંગ ને વશ થઈ જાય છે તેમ.

'સંગ તેવો રંગ' એ ઉક્તિને સ્પષ્ટ કરવા વિદુરે અનેક દૃષ્ટાંતો આપ્યાં છે. સેવક સેવ્ય (જેની સેવા કરવામાં આવે તે) ને અનુકૂળ બની જાય છે. વસ્ત્ર જેવા રંગના સંપર્કમાં આવે તે રંગનું થઈ જાય છે.

### સુવિચાર

- ચારિત્ર્ય માણસની અંદર રહે છે, યશ બહાર રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ પાસે બીજું કશું ગણવા જેવું રહેતું નથી ત્યારે તેની ઉંમર ગણવા લાગે છે - **અખંડ આનંદ**
- ચારિત્ર એક વૃક્ષ છે અને પ્રતિષ્ઠા તેની છાયા, આપણે ફક્ત છાયા વિશે જ વિચાર કરતા હોઈએ છીએ, પણ વૃક્ષ એ જ તો વાસ્તવિકતા છે - **અબ્રાહ્મ લિંકન**
- તમે ઉધાર લઈ નિરાંત ભોગવી શકો નહિં - **સંત રોબિન**
- રૂપની ખુમારી રોગી બનાવે છે, પૈસાની ખુમારી ભિખારી બનાવે છે. પરમાત્માની ખુમારી માણસને પાવન બનાવે છે - **દયાનંદ સરસ્વતી**
- કોઈએ માત્ર પોતાની પ્રગતિથી સંતોષ ન માનવો જોઈએ, પણ સૌની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : જીરાના દાણા ચાવીને ખાવાથી ઉલ્ટી ઉબકામાં રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આત્મહત્યાનો વિચાર એ ક્ષણિક આવેશમાંથી જ ઉદ્ભવે છે જો એ ક્ષણ સચવાઈ જાય, કોઈ આશ્વાસન હિંમત કે ઈશ્વરી મદદ મળી જાય તો પછી આત્મહત્યા કરનારને પોતાની મૂર્ખાઈ - ઉતાવળ સમજાઈ જાય છે.

ન્યૂયોર્ક સિટીનો 'પોલ' યુવાન પર આઠ લાખ ડૉલરનું દેવુ થયી ગયું ભરપાઈ થઈ શકે તેમ ન હતું રેલવેના પાટા પર સૂઈ ગયો. ટ્રેન આવવાને વાર હતી. બાજુના બગીચામાંથી એક જણે તેને બોલાવ્યો - આત્મહત્યાનું કારણ પૂછ્યું - પેલાએ ટૂંકમાં કહ્યું - પેલાએ ચેક બૂક કાઢી નવ લાખ ડોલરનો ચેક આપ્યો - કહ્યું હું ધનાઢ્ય રોક ફેલર છું - હિંમતથી વેપાર કર અને આમાંથી દેવું ચૂકવી દે.

પેલાને હિંમત આવી - ઘેર જઈ ચેક તિજોરીમાં મૂકી દીધો અને ઈશ્વરનો આભાર માની બમણા ઉત્સાહથી કામ કરવા લાગ્યો - બાર માસમાં ફરી સદ્ધર થઈ ગયો.

જૂના ચેક લઈ ફરી એ બગીચામાં ગયો - આજે એ જ રોક ફેલરને હોસ્પિટલના માણસો ખેંચી પકડી જતા હતા. પેલાએ પૂછ્યું - આ રોક ફેલર છે તમે એને પકડીને કયાં લઈ જાવ છો! સિક્યોરિટીવાળાએ કહ્યું, આ ગાંડો છે કોઈ જૂની ચેકબૂક પોતાના ખિસ્સામાં રાખે છે અને બધાને જોન રોક ફેલર કહી ચેક આપતો ફરે છે. પાગલખાનામાંથી નાસી એ અહીં જ આવે છે. પોલે હવે ઈશ્વરના સ્વરુપે આવેલા રોક ફેલરનો આભાર માન્યો.

# હવે બહુ થયું... સંઘર્ષ નહિ સંવાદ કરો

'ભગવાન ખાતર સંસદ ચલાવો' આ શબ્દો દેશના કોઈ સામાન્ય નાગરિકના નથી કે કોઈ પત્રકાર કે રાજનેતાના નથી. દેશના સર્વોચ્ચ પદે બિરાજમાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની વ્યથાના શબ્દો છે. કોણ જાણે કયું ગ્રહણ લાગી ગયું છે આપણા લોકતંત્રને કે લોકસભા અને રાજયસભા બંને કંઈ પણ કામગીરી વિના ચાર-ચાર અઠવાડિયાથી મુલત્વી રહે છે. બંને પક્ષો દાવો કરે છે કે અમારે ચર્ચા કરવી છે અને બંને એકબીજા પર દોષારોપણ કરે છે. સરકાર કહે છે વિરોક્ષપક્ષો ચર્ચાથી ભાગે છે. એમને માત્ર ટીવી સ્ક્રીન ઉપર આવવું છે એટલે સંસદની કામગીરી ચલાવવા દેતા નથી. જયારે વિરોધપક્ષોનો સીધો આરોપ છે કે પ્રધાનમંત્રી ચર્ચા ટાળે છે. સભાઓ ગજવતા પ્રધાનમંત્રી સંસદમાં કેમ નથી આવતા? પ્રજાના પ્રશ્નોને વાચા આપતા પ્રતિનિધિઓને સાંભળવા અને સમજવાની કેમ તૈયારી નથી? આમ બંને પક્ષે મડાગાંઠ ૨૮ દિવસથી અકબંધ રહી છે.

દેશના રાષ્ટ્રપતિ અપીલ કરે. લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ સભ્ય ચિંતા કરે... અખબારો તંત્રી લેખો લખે... રાજકીય વિશ્લેષકો સોંસરવી ટીકા કરે છતાંય બધું જ પથ્થર પર પાણી. જે પ્રતિનિધિઓને પ્રજાના પ્રતિભાવની, પ્રજાના પ્રશ્નોની અને પ્રજાના હાલહવાલની ચિંતા નથી કરવી કે ચર્ચા નથી કરવી તેમણે તાકીદે સભ્યપદેથી રાજીનામુ આપવું જોઈએ. રાજકારણના રોટલા શેકવા ઘણા સ્થળો છે. ઘણી તરકીબો પણ છે. ઘણા માધ્યમો છે. મહેરબાની કરીને લોકશાહીના મંદિરને અભડાવશો નહીં, અહીં રાજકારણ જ નહિ પ્રજાકાર જ હોવું જોઈએ. નોટબંધીની તરફેણ હોય તો ખુલ્લેઆમ તરફેણ કરો. તમારા વિચારો સ્પષ્ટ કરો. તમારા વિસ્તારના મતદારાની સમસ્યાઓને રજૂ કરો.

નોટબંધીનો વિરોધ હોય તો વિરોધ કરો. વિરોધ માટેના કારણો આપો અને પરિણામોના તારણો આપો. સૂત્રોચ્ચાર બંધ કરો. સાચી વાત કરો. મુદ્દાસર વાત કરો. પક્ષ હિત નહીં પ્રજા હિતની વાત કરો. તંદુરસ્ત ચર્ચા કરો. કોણ રોકે છે આ ચર્ચા કરતાં તમને? અને રોકતા હોય તેમને ખુલ્લા પાડો. અંતરઆત્માના અવાજને અનુસરો. હદ થાય છે હવે, તમારા બંધ કરી સંસદની કાર્યવાહી ચાલવા દો અને ચલાવો.

આ દેશની ૭૦ વર્ષની લોકશાહીના ઈતિહાસમાં પ્રથમ વખત સંસદના બંને ગૃહો ચાર-ચાર અઠવાડિયા સુધી કોઈ કામગીરી ન કરે તેવી પ્રથમ ઘટના છે. કેવી રીતે પોષાય આપણા જેવા ગરીબ દેશને! કર્મ એ જ ધર્મની સુફિયાણી સલાહો આપતા નેતાઓ કેમ ધર્મ ચુકી રહ્યા છે. એક મહિનામાં દેશ કયાં હતો ને કયાં પહોંચ્યો છે?! એની ચર્ચા કરો. ૮૪ દેશવાસીઓના મૃત્યુ અંગે ચર્ચા કરો. ડિજિટલ પેમેન્ટના પ્રોત્સાહનની ચર્ચા કરો.

નવી પ્લાસ્ટીકની નોટોની ચર્ચા કરો. એટીએમની અવદશાની ચર્ચા કરો. સાચી ખોટી પણ ચર્ચા કરો. સામસામે વાત કરો.... સંવાદ કરો. આ દેશની સંસ્કૃતિ સંવાદની સંસ્કૃતિ છે. વિખવાદની નહિ. આ દેશની સંસ્કૃતિ સમન્વયની છે.

*તંત્રીસ્થાનેથી...*

ખેંચાખેંચીની નહીં, રાજકીય હેતુથી પર ઉઠીને દેશની ચિંતા કરો. દેશ મજબુત થશે તો તમે મજબૂત છો. લોકશાહી મજબૂત હશે તો તમે મજબૂત થશો. ઈશ્વરના નામે સોગંધ લેનારા સૌ સંસદ સભ્યો સોગંધના શબ્દોને યાદ કરી ચરિતાર્થ કરે એવી ભારતમાતાની પુકાર છે.

# ગરીબી અને ભૂખમરાનો ગાંધીબાણ ઈલાજ

નૈતિક મૂલ્યોને કોરે મૂકે અગર તેમની ઉપેક્ષા કરે છે તે અર્થશાસ્ત્ર ખોટું છે એમ મહાત્મા ગાંધી કહેતા હતા, અર્થશાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનના પ્રદેશમાં અહિંસાનિયમનો વિસ્તાર વિચાર રજુ કરતા તેઓ એમ દર્શાવે છે કે માત્ર ભારત દેશ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય વેપાર વણજના નિયમનમાં પણ નૈતિક મૂલ્યો ગણતરીમાં લેવા જોઈએ.

**માત્ર ભારતના નહીં પણ આંતરરાષ્ટ્રીય વેપારવણજમાં ય નૈતિક મૂલ્યો ગણતરીમાં લેવા જોઈએ : મો.ક.ગાંધી**

માત્ર એક પ્રદેશ રાજય કે કોઈ એક દેશ નહીં પરંતુ સમગ્ર વિશ્વની ચિંતા સેવનાર વૈશ્વિક મહામાનવ મો.ક. ગાંધીએ તો ત્યાં સુધી કહ્યું કે હે 'હિંદની જ નહીં બલ્કે આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી કોઈને પણ અન્નવસ્ત્રનો અભાવ વેઠ્યો ન પડે, એટલે કે બધાને પોતાના નિભાવ પૂરતો ઉદ્યમ મળી રહે. અને આવી સ્થિતિ આખા જગતને માટે આપણે ઈચ્છતા હોઈએ તો અન્નવસ્ત્રાદિ પેદા કરવાનાં સાધનો દરેક માણસની પોતાની પાસે રહેવાં જોઈએ. તેમાંથી એકને ભોગે બીજાને ધનસંપત્તિનો લાભ મુદ્દલ રાખવો ન જોઈએ. જેમ હવા અને પાણી ઉપર સૌને સરખો હક છે અથવા હોવો જોઈએ તેમ જ અન્નવસ્ત્રનું હોવું જોઈએ. તેનો ઈજારો કોઈ એક દેશ, પ્રજા અથવા પેઢીની પાસે હોય એ ન્યાય નહીં, અન્યાય છે. આ સરળ સિદ્ધાંતનો અમલમાં અને ઘણી વેળા વિચારમાંયે સ્વીકાર નથી થતો તેથી આ અભાગી દેશમાં અને જગતમાંથી બીજા ભાગોમાં પણ ભૂખનું દુઃખ જોવા મળે છે.' એમ ગાંધી સમજાવે છે.

મારો આદર્શ સમાન વહેંચણીનો છે પણ હું જોઈ શકું છું ત્યાં સુધી એની સિદ્ધિ સંભવિત નથી. તેથી હું ન્યાયી વહેંચણીને સારું કાર્ય કરું છું. પ્રેમ અને થોડા લોકોનો સંપૂર્ણ પરિગ્રહ કદી એકસાથે સંભવી શકે નહીં. સિદ્ધાંતની દૃષ્ટિથી વિચારતાં, સંપૂર્ણ પ્રેમ હોય ત્યાં સંપૂર્ણ અપરિગ્રહ હોવો જોઈએ. દેહ આપતો અંતિમ પરિગ્રહ છે. એટલે, માણસ મોતને ભેટવાને તૈયાર હોય અને માનવીઓની સેવાને માટે પોતાના શરીરનું બલિદાન આપે તો જ સંપૂર્ણ પ્રેમ દાખવી શકે અને સર્વથા અપરિગ્રહી બની શકે.

પણ એ કેવળ સિદ્ધાંતમાં સાચું છે. જીવનમાં આપણે સંપૂર્ણ પ્રેમ ભાગ્યે જ દાખવી શકીએ છીએ, કેમ કે, દેહ પરિગ્રહ તરીકે સદાયે આપણી સાથે રહેવાનો. માણસ સદા અપૂર્ણ રહેવાનો અને પૂર્ણ થવા માટે હંમેશાં પ્રયત્ન કરતાં રહેવાની તેની ફરજ છે. એથી કરીને આપણે જીવતા હોઈએ ત્યાં સુધી પ્રેમમાં તેમજ અપરિગ્રહમાં પૂર્ણતાનો આદર્શ અપ્રાપ્ત રહેવાનો. પરંતુ એ આદર્શ સિદ્ધ કરવાની દિશામાં આપણે નિરંતર પ્રયત્નશીલ રહેવું ઘટે.

મહાત્મા ગાંધી એમ સ્પષ્ટ કહે છે, 'આપણે બધા એક રીતે ચોર છીએ. મારા તરતના ઉપયોગ માટે જેની મને જરુર ન હોય એવી વસ્તુ જો હું લઉં, અને મારી પાસે રાખી મૂકું, તો હું તેની બીજા કોઈ પાસેથી ચોરી કરું છું.' વિસ્તૃત સમજમાં કહે છે કે - અપવાદ વિના સૃષ્ટિનો આ મૂળ નિયમ છે કે સૃષ્ટિ આપણી જરૂરિયાતો પૂરી પાડવા જેટલું દરરોજ ઉત્પન્ન કરે છે, અને જો દરેક જણ પોતાને જરૂર જો જોઈતું લે અને વધારે ન લે, તો આ દુનિયામાં ગરીબાઈ ન રહે અને આ દુનિયામાં કોઈ પણ માણસ ભૂખમરાથી ન મરે. આપણામાં આ અસમાનતા ચાલુ છે એનો અર્થ એ કે આપણે ચોરી કરીએ છીએ. હું 'સોશિયાલિસ્ટ' નથી અને જેઓ પાસે સંપત્તિ છે તેઓ પાસેથી તે પડતી મેલાવવા હું નથી માગતો. પરંતુ હું એટલું જરૂર કહું છું કે

આપણા માંહેલી જે વ્યક્તિઓ અંધકારમાંથી પ્રકાશમાં જવા ઈચ્છે છે તેઓએ અસ્તેય વ્રત પાળવાનું છે. હું કોઈ પાસે તેની મિલકતનો કબજો છોડાવવા નથી માગતો. તેમ કહું તો હું અહિંસાધર્મથી ચલિત થાઉં. મારાં કરતાં બીજા કોઈ પાસે વધારે હોય, તો ભલે. પરંતુ મારું પોતાનું જીવન વ્યવસ્થિત કરવા માટે હું જણાવીશ કે જેની મને જરુર નથી તે હું મારી પાસે રાખી ન શકું. હિંદમાં ત્રણ કરોડ માણસો એવા છે કે જેઓને એક ટંકના ભોજનથી સંતોષ માનવો પડે છે, અને તે પણ કેવળ સૂકો રોટલો અને ચપટીભર મીઠાથી. જયાં સુધી આ ત્રણ કરોડ જણોને પૂરતાં વસ્ત્ર અને ખોરાક નથી મળ્યાં ત્યાં સુધી તમને અને મને આપણી પાસે જે કાંઈ હોય તે રાખવાનો હક નથી. તમે અને હું વધારે સમજીએ છીએ; એટલે આપણે આપણી જરૂરિયાતોમાં ઘટતો ફેરફાર કરવો જોઈએ, અને સ્વેચ્છાથી ભૂખમરો પણ વેઠવો જોઈએ કે જેથી કરી તેઓની માવજત થાય, તેઓને ખવરાવવા અને વસ્ત્ર પહેરાવાય.

સંદર્ભ : આપણે સૌ એક પિતાના સંતાન (મહાત્મા ગાંધીનું જીવન અને વિચારો વ્યક્ત કરતું સંપાદિત પુસ્તક - એમના જ શબ્દોમાં) નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ)

(લેખક - સમાજશાસ્ત્રના અધ્યાપક છે)

# સંસ્કૃતિ પુરૂષ : કાકા સાહેબ કાલેલકર



શાંતિનિકેતનના યુવાન અધ્યાપક દત્તાત્રેય બાલકુષ્ણ કાલેલકરને ગાંધીજીનો મેળાપ થયો. કોઈ અનેરા આકર્ષણથી આ યુવાન ગાંધીજી તરફ સહજ ભાવે ખેંચાયા. પરિણામ સ્વરૂપે દત્તુબાબુની શાંતિનિકેતનથી સાબરમતી આશ્રમની યાત્રા સંપન્ન થઈ. ગુરુદેવની વિશ્વવિદ્યાલયના અધ્યાપક સદાકાળ ગાંધી વિચારના સક્રિય સમર્થક બની રહ્યા. દત્તાત્રેય 'કાકાસાહેબ' બનીને મહેકતા રહ્યા. ગુજરાતને એક 'સવાઈ ગુજરાતી' સાહિત્યકાર પ્રાપ્ત થયા.

કાકાસાહેબની કલમે અનેક ક્ષેત્રોમાં ખેડાણ કરેલું છે. કાકાસાહેબની અનેક વાતો — પાત્રો તેમના સંભારણા — સ્મરણયાત્રાના ભાગ તરીકે ભાવકોને મળ્યાં. તેમાંના અનેક નામો તે સાથે જોડાયેલી ઘટનાને કારણે ચિર સ્મરણિય બની રહ્યા. બહેનના અવસાનની બાળ માનસ પરની અસર બાબત '' આકકાની કથા '' વિસ્મૃત થાય તેવી નથી. પોતાની બહેન (આકકા)ના અકાળ અવસાનથી કાકાસાહેબની કલમ આ ઘટના બાદ ઘણાં વર્ષે સ્મરણ લખતાં લખતાં પણ વ્યગ્ર બને છે. કાકાસાહેબ તેમના બાળ હદય પર પડેલી છાપને ભાવપૂર્વક વાગોળતા લખે છે.

'' મારા જીવનમાં એવી કેટલીક બહેનો હું જોઉં છું જેમના પરિચયે હું પાવન તથા ઉન્નત થઈશ તેવી મને ખાતરી છે. પણ હદયની ભૂખ તો આકકાના પવિત્ર સ્મરણથીજ સમાવવી રહી. ''શહાણુ માણુસ લાભત નાહી'' એવું આકકાનું વચન આખરે આકકા માટેજ સાચું પડ્યું.''

સ્મરણ યાત્રાના ખાટા-મીઠા સંભારણા હોય કે પ્રવાસ વર્ણનો હોય —દરેક બાબતમાં કાકાસાહેબની કલમ અનોખી ઊંચાઈને આંબતી અનુભવી શકાય છે. '' કાકાસાહેબનું ગદ્ય અનેક વાર કાવ્યની કોટિએ પહોંચે છે '' તેવું કવિ શ્રી ઉમાશંકર જોશીનું અવલોકન યથાર્થ છે. પત્રલેખન અને વાસરી સાહિત્યમાં કાકાસાહેબે અદ્દભૂત યોગદાન આપેલું છે. જે લખ્યું તે જીવાતા જીવનના ભાગરૂપે તેમજ સહજ રીતે લખ્યું. હિમાલયની યાત્રા કરીને લખે છે :

''હિમાલયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના વૈભવ કરતાયે વધારે છે. હિમાલય એજ આપણો મહાદેવ છે. આખા વિશ્વની સમૃધ્ધિ ખીલવતો છતાં અલિપ્ત, વિરક્ત, શાંત અને ધ્યાનસ્થ. '' જબલપુર જેલમાં કાકાસાહેબની સાથેજ રહેતા જેલના સાથીદાર (૧૯૪૨) લક્ષ્મણસિંહ ચૌહાણ કાકાસાહેબનું શબ્દચિત્ર દોરતા લખે છે :

''(જેલમાં) સવારે ચાર-પાંચ વાગે ઊઠીને જોયું તો કાકાસાહેબનું ફાનસ બળી રહ્યું છે. વાંચી રહ્યા છે. આગલી રાત્રે પણ જોયું હતું. વાંચી રહ્યા હતા ! આ ક્રમ એક-બે દિવસ નહિ, લાગલગાટ ત્રણ વર્ષ જોયો '' કાકાસાહેબમાં અધ્યાપકની સાથેજ વિદ્યાર્થીનો આત્મા પણ વસતો હતો તેવું લાગ્યા સિવાય રહે નહિ. શ્રી નારાયણ દેસાઈએ લખ્યું છે કે જ્યારે કાકાસાહેબને મળીએ ત્યારે એમની આસપાસ જ્ઞાનના ફુવારાઓ ઊડતા અનુભવવા મળે. નારાયણભાઈએ કાકાસાહેબને ''સંસ્કૃતિ પુરુષ'' તરીકે ઓળખાવેલા છે. ડીસેમ્બર માસમાં આ નિરંતર પ્રવાસી સાહિત્યકારની જન્મજયંતિ આવે છે. (૦૧-૧૨-૧૮૫૫ થી ૨૧-૦૮-૧૯૮૧) આવા મહાન સર્જકની સ્મૃતિ ડીસેમ્બર માસમાં વિશેષ થવી સ્વાભાવિક છે.

૧૯૩૦ માં દાંડીકૂચ કરીને ગાંધીજીએ બ્રિટીશ સામ્રાજયના પાયામાં લૂણો લગાડવાનું ઐતિહાસિક કામ કર્યું તે ઘટના ખૂબ જાણીતી છે. દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ઘરપકડ થશે તેવી વ્યાપક માન્યતા હતી. સરકારે સરદાર સાહેબની ઘરપકડ કરી પરંતુ બાપુની ઘરપકડ કૂચ પૂરી થયા બાદ ઘણાં દિવસો પછી કરી. ઘરપકડ કર્યા બાદ ગાંધીજીને યરવડા (મહારાષ્ટ્ર) જેલમાં લઈ જવાબમાં આવ્યા. આ વખતે ગાંધીજીના જેલવાસ દરમિયાન તેમની સાથે રાખવા માટે સરકારે કાકાસાહેબ કાલેલકરની પસંદગી કરી. કાકા સાહેબ તે સમયે સાબરમતી જેલમાં હતાં. તેમને ત્યાંથી ખસેડીને યરવડા લઈ જવામાં આવ્યાં. યરવડા જેલમાં બાપુની પાસે જયારે કાકા સાહેબને લઈ જવામાં આવ્યા ત્યારે બાપુને જોતા જ કાકા સાહેબ હર્ષથી ભાવુક થયા પરંતુ પ્રયત્નપૂર્વક પોતાની જાતને સંભાળી લીધી. તેમનું યરવડાનું જેલ જીવન બાપુની હાજરીથી પ્રસન્નતાથી ચાલવા લાગ્યું. એવામાં એક દિવસ બાપુએ કાકાને આશ્ચર્ય તથા આઘાત બન્નેની અનુભૂતિ કરાવી (ગાંધીજી કાકા સાહેબને કાકા કહેતા. પત્રોમાં પણ ચિં.કાકા લખતા) ગાંધીજીએ કાકાસાહેબને કહ્યું કે તેમણે (ગાંધીજીએ) જેલનાપોતાના દિવસભરના કામોનો હિસાબ કર્યો છે. પછી કાકા સાહેબને કહે કે તેમની પાસે ત્રિસેક મીનીટનો સમય બચે છે. કાકા સાહેબને હાથે લખવાની ટેવ ઓછી એટલે તેઓ જુગતરામભાઈ કે સ્વામી આનંદ પાસે તેમના લખાણો લખાવતા તે ગાંધીજી જાણતા હતા. આથી ગાંધીજી કહે કે આ બચે છે તે મારા અડધા કલાકનો સમય તમને આપું ! તમે લખાવોને હું લખું ! કાકા સાહેબ લખે છે કે ગાંધીજીની આ ઉદાર ઓફર સાંભળીને તેઓ ભાવ-વિભોર થયા. માંડ માંડ શબ્દો એકઠા કરીને તેમણે આ યુગપુરુષને કહયું કે, '' ભગવાને મને બહુ બુધ્ધિ આપી નથી તે ખરૂં પરંતુ હું એટલો બાઘો પણ નથી કે તમને લખાવવા તૈયાર થઈ જાઉં. '' દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનું પાવન સ્મરણ ડીસેમ્બરની આ શિતલહરમાં પણ ઉષ્મા પ્રસરાવી જાય છે. કાકાસાહેબ ગાંધીયુગની આકાશગંગાના એક તેજસ્વી સીતારા હતા. અનેક ક્ષેત્રોમાં તેમના આગવા પ્રદાનને કારણે કાકાસાહેબ હમેશા જીવંત તથા ધબકતા રહેશે.

કાકાસાહેબના અનેક કાર્યોમાં તેમનું ગુજરાતી જોડણીકોશ અંગેનું કામ સદાકાળ યાદ રહે તેવું ઉપયોગી તથા અમર છે. આ જોડણીકોશના પ્રારંભેજ શુધ્ધ ભાષાના આગ્રહી એવા બાપુએ યાદગાર શબ્દો લખ્યાં : '' હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી '' ગાંધીજીએ આ બાબતમાં ઊંડી ચિંતા તેમના યરવડા જેલ નિવાસ દરમિયાન કરી હતી. એક લોકસુલભ જોડણીકોશ તૈયાર થાય તેવા બાપુના આદેશને કાકાસાહેબે ઝીલો લીધો. કાકાસાહેબ ઉપરાંત સર્વ શ્રી રામનારાયણ પાઠક, છોટાલાલ પુરાણી તેમજ નરહરિ પરીખ જેવા વિદ્વાનોનો લાભ પણ આવું ગંજાવર કામ પૂરું કરવામાં મળ્યો હતો. કાકાસાહેબનું સમગ્ર જીવન એક પ્રેરણાસ્ત્રોત સમાન છે. એક સદાકાળ જાગૃત તથા અભ્યાસુ અધ્યાપક તથા સર્જક તરીકે કાકાસાહેબનું સ્થાન વિશાળ જનસમુહના દિલમાં કાયમ થયેલું છે.

# કવિતા સ્પર્ધામાં ડૉ. કેશુભાઈ દેસાઈ વિજેતા

● ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલ (જીએલએફ) દ્વારા ૧૪-૧૨-૨૦૧૬થી ગુજરાતનો સૌથી વિચારોત્તેજક કાર્યક્રમ શરુ થાય છે. જેમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂભાષામાં કાર્યક્રમો થશે, જેમાં વિશ્વમાંથી લેખકો, કવિઓ, કલાકારો અને વિશેષજ્ઞો હાજર રહેશે. પ્રથમના બે દિવસોમાં તા. ૧૪મી ડિસે. ૨૦૧૬ના રોજા જાણીતા શાસ્ત્રીય સંગીત અને ઠુમરી ગાયિકા વિદ્યારાવની સંગીતસભા, સાબરમતીના કિનારે ગાંધીઆશ્રમમાં યોજાશે. જેમાં તેઓ ગાંધીબાપુના પ્રિયભજનો અને અન્ય ગીતો રજૂ કરશે. તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ અને સેપ્ટ કેમ્પસમાં આખો દિવસ અને ત્યારબાદ પાંચ દિવસ દરમિયાન વિવિધ પ્રકારના ૧૦ વર્કશોપનું આયોજન થશે. ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલનો આરંભ મહામહિમ રાજયપાલ માન. ઓ.પી.કોહલી દ્વારા ૯.૩૦ વાગે થશે, તે પહેલાં રજીસ્ટ્રેશનની શરુઆત ૮.૩૦ વાગ્યાથી થશે. આ કાર્યક્રમમમાં સ્ટોરી ટેલિંગ (વાર્તા કથન), થિયેટર, ફિલ્મોની પટકથા, ડોક્યુમેન્ટરી ફિલ્મ્સ, સંગીત, પત્રકારત્વ, સોશિયલ મીડિયા તથા મૌખિક પરંપરા પર એક મંચ પર મુક્તમને ચર્ચાઓ અને વિચારો રજૂ થશે, જેમાં કેન્દ્રસ્થાને હાસ્ય રહેશે.

● માનસરોગ - હતાશા (ડિપ્રેશન) એ સાહિત્યકારો સહિત સર્જનશીલાને સતાવતી એકમોટી બલા - સમસ્યા છે. જાપાનના નોબેલ પ્રાઈઝ વિજેતા યાસુનારી કાવાબાતાએ હતાશાના દોર દરમિયાન આપઘાત કર્યો હતો. ફ્રાન્સના બાલ્ઝાક પણ હતાશાના આકરા પરિણામરૂપ પાગલ થઈ ગયા હતા. ગુજરાતના કવિ હરિશ્ચંદ્ર ભટ્ટે પણ હતાશાવશ આપઘાત કર્યો હતો. આ બલામાંથી મુક્ત થવા યશવંત મહેતા દ્વારા એક વૈશ્વિક અભિયાનના ભાગરૂપે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે; જેમાં ગુજરાતી સાહિત્યના સર્જકોના અનુભવ જાણવા માગે છે કે, જેમને એક યા બીજે તબક્કે હતાશા રોગ હેરાન કર્યા હોય અને પોતે આ બલા - સમસ્યા સામે કઈ રીતે લડ્યાં અને રોગમુક્ત બન્યાં એનું પણ વર્ણન જાણવું છે. આ અભ્યાસનાં તારણો પુસ્તકકારો પ્રકાશિત થશે, જેથી હતાશા અનુભવનારને માર્ગદર્શન મળી રહે. આ અંગેના અનુભવનાં લખાણો માટેનાં નામ અને વિગતો ગુપ્ત રાખવા માગનારાઓની માંગને ચુસ્તપણે માન આપશે. ગુજરાતી સાહિત્ય સર્જકો પોતાના અનુભવ તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં 'યશવંત મહેતા, ૪૭/એ, નારાયણનગર, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭'ના સરનામે મોકલી શકશે.

● તણછાના સામાજિક કાર્યકર બદ્રીભાઈ જોશીની બાબતેનું પુસ્તક 'અદનો આદમી - બદ્રીનાથ; પર્યાવરણ ગામ સંગઠન બાબતે ભરૂચ જિલ્લાને કાર્યક્ષેત્ર બનાવનાર અશોક રાઠીનું તૈયાર કરેલ પુસ્તક 'પર્યાવરણના પ્રહરી સ્વ. અશોક રાઠી' તેમજ બદ્રીભાઈએ તૈયાર કરેલ, 'ગવાતું ગમતું ગાણું' એમ ત્રણ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ 'સદ્દ્ભાવના ફોરમ'ના સંપાદક ડંકેશભાઈ ઓઝાના પ્રમુખ સ્થાને અને એમીટી શાળાના મેને. ટ્રસ્ટી રણછોડભાઈ શાહના અતિથિ વિષેશપદે તેમજ પુસ્તકોનું સંપાદન કરનાર જંબુસર કૉલેજના નિવૃત્ત પ્રાધ્યાપક બિપીનભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સન્માન સમિતિના પ્રમુખ મહેન્દ્રસિંહ કરમરીયાએ સૌને આવકાર્યા અને બિપીનભાઈ ત્રિવેદીએ પુસ્તકોનું ટૂંકમાં વિવરણ કર્યું. પ્રમુખ સ્થાનેથી ડંકેશભાઈ ઓઝાએ સમાજ પ્રત્યેની સંવેદના અને સામાન્ય માનવીની ખબર લઈ તેના દુઃખમાં ભાગીદાર દ્વારા જ કોમનમેન બની શકાય તેમ જણાવ્યું. આભાર વિધિ ભરૂચ સર્વોદય મંડળના પ્રમુખ જગદીશભાઈ દેસાઈએ કરી જયારે સભાનું સુપેરે સંચાલન યોગેશ જોશીએ કર્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રીભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે નિવૃત્ત મુખ્ય સચિવ પ્રવિણ ક. લહેરી, આઈએએસનું 'પ્રવૃત્તિમય નિવૃત્તિ' એ વિષય પરનું વ્યાખ્યાન, ૨૧મી સપ્ટે.૨૦૧૬ના રોજ યોજાઈ ગયું. વ્યાખ્યાનમાં લહેરીએ 'વરિષ્ઠ નાગરિકો સમાજની મૂલ્વયાન મૂડી છે અને તેના થકી રાષ્ટ્રનું ઘડતર ઝડપી અને અસરકારક થઈ શકે છે, તથા નિવૃત્તિ એ તો ટેસ્ટ ક્રિકેટ મેચનો બીજો દાવ છે,' તેમ કહી સિનિયર સિટીઝનને સમાજસેવામાં પ્રવૃત્ત થયા આહ્‌વાન કર્યું. ગુજરાત વિશ્વકોશના ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે પ્રવિણભાઈ લહેરીએ પ્રવૃત્તિ અને નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ એમ બંનેમાં અસાધારણ સફળતા મેળવી છે.

● કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા, બાળસાહિત્ય પુરસ્કાર-૨૦૧૬નો અર્પણ સમારોહ તા.૧૪ થી ૧૬ નવે. ૨૦૧૬ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે વિશ્વનાથ પ્રસાદ તિવારીના અધ્યક્ષપદે યોજાઈ ગયો. ગુજરાતી સાહિત્યમાં પુષ્પા અંતાણીને અને સંસ્કૃત ભાષામાં ગુજરાતના ઋષિરાજ જાનીને આ પુરસ્કાર એનાયત થયા. બાળલેખનગત, વર્તમાન અને ભવિષ્યની બેઠકમાં ઉદયન ઠક્કરે કવિતા પઠન કર્યું. તા. ૧૬મી બેઠકમાં ગુ.સા. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની અધ્યક્ષતામાં ગુજરાતી સાહિત્ય માટે દક્ષા ભાવસારે અભ્યાસપત્ર રજૂ કર્યો. દ્વિતીય બેઠકમાં શ્રદ્ધા ત્રિવેદીએ અભ્યાસપઠન કર્યું. ત્રિદિવસીય આ સમારોહમાં કવિ-મુલાકાતની બેઠકનું અધ્યક્ષ પદ ગુજરાતસ્થિત સિંધિ સાહિત્યકાર વાસુદેવ મોદીએ સંભાળ્યું હતું, જેમાં ફિલિપ કલાર્કે પઠન કર્યું હતું.

● અખિલ હિંદ મહિલા પરિષદ બૃહત સુચી શાખાના વાચકમંચના ઉપક્રમે પાંચમી 'સ્મિતા પારેખ સ્પર્ધા-૨૦૧૬' યોજાઈ ગઈ, જેમાં (૧) નવલિકા સ્પર્ધામાં 'કોળાંબડો' વાર્તા - લેખક સુરેશ રતિલાલ કટકિયા (ભાવનગર) (૨) બાળવાર્તા સ્પર્ધામાં 'ખિસીબહેનનો પગ મોચવાયો' - લેખક નલિની કે. ત્રિવેદી (અમદાવાદ) અને (૩) કવિતા સ્પર્ધામાં 'રે ગૌમાતા' : કવિ ડૉ. કેશુભાઈ દેસાઈ (ગાંધીનગર) ને વિજેતા જાહેર કરવામાં આવેલ છે. નવલિકા સ્પર્ધાના નિર્ણાયક તરીકે ગિરીશભાઈ ભટ્ટ; બાળવાર્તાના નિર્ણાયક તરીકે નટવરભાઈ પટેલ તેમજ કવિતાસ્પર્ધાના નિર્ણાયક તરીકે સંધ્યાબહેન ભટ્ટે સેવાઓ આપી હતી. આ વિજેતા સ્પર્ધકોને તા. ૧૮મી ડિસેમ્બર-૨૦૧૬ના રોજ સાંજના ૪.૦૦ વાગે, નાનપુરા, સુરત ખાતે આયોજિત સમારોહમાં ઈનામો એનાયત થશે.

- muljibhaidadhi@gmail.com